૭૯૧

**ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪-માં ફેરફાર કરવા બાબત**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : જમશ ૧૦૮૮/૭૫૧(૮૯)ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭-૪-૮૯.

**વંચાણમાં લીધા :**

સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના
તા. ૧૮/૧૧/૮૮ ના પત્રક્રમાંક : મશબો/વ/નિ.પં.વ/વિનિ. શા. ૭૮ન/૨૦૧૯ગ/૧૭.

ઠરાવ :

ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ (સને ૧૯૭૩ ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૫૩ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૪ અંગે ઘડેલા માધ્યમિક શિક્ષણ વિનિયમો, ૧૯૭૪ માં નીચેનો ફેરફાર મંજૂર કરે છે :

(૧) વિનિયમ ક્રમાંક : ૩૦(૭)(ક) : વિદ્યમાન વિનિયમ ક્રમાંક : ૩૦(૭)(ક) ને બદલે નીચેનો નવો વિનિયમ મૂકવો :

કોઈપણ શૈક્ષણિક વર્ષ માટે અધ્યાપકીય સ્ટાફના કાયમી સભ્યને મળવાપાત્ર હક રજા જે વર્ષ માટે તેને કામ કરવાની ફરજ પડી હોય તે વર્ષમાં આવતા વેકેશનના દિવસો જેટલી હોવી જોઈએ, પરંતુ આવી હક રજા કોઈ શૈક્ષણિક વર્ષમાં ત્રીસ દિવસ કરતાં વધારે હોવી જોઈએ નહિ. વધુમાં આવા સભ્યોને તેની લેણી નીકળતી હક રજા ૨૪૦ દિવસની થાય કે તરત જ હક રજા પ્રાપ્ત થતી બંધ થશે.

(૨) વિનિયમ ક્રમાંક : ૩૦(૭)(ખ) : વિદ્યમાન વિનિયમ ક્રમાંક : ૩૦(૭)(ખ) ને બદલે નીચેનો નવો વિનિયમ મૂકવો :

"બિન અધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય (પ્રથમ આચાર્ય) કોઈપણ વેકેશન માટે હકદાર થશે નહિ પણ નોકરીના પૂરા વર્ષ માટે ૩૦ દિવસ લેખે ફરજના વર્ષ દીઠ હક રજા મળશે.

પરંતુ આવા સભ્યને તેની ૨૪૦ દિવસની હક રજા લેણી થાય એટલે તરત જ હક રજા મળતી બંધ થશે."

૨. આ ફેરફાર ઠરાવ રવાના થાય તે તારીખથી અમલમાં આવશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૩૦-૧-૮૯ ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી. વી. નીનામા)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.